કો.૫૨૮

સફાઇ કામદારનું ગટરમાં ગુંગળામણ/ ડુબી જવાથી મૃત્યુ થવાના પ્રંસગે પરિવારને પુનઃવસન માટે સહાય આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૨૦૧૩-ન.બા.૪૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪-૧૦-૨૦૧૭.

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-૭-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૫-૧૫૭૭- ગ.
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧-૮-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮- ન.બા.૪૨- ગ.
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦-૦૭-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૨૦૧૩-ન.બા.૪૬-ગ.
(૪) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૧૬-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ વમક/૧૦૨૦૧૪/૯૪૯/પ્રો(૫)/૨૧૦૧.

સુધારા ઠરાવઃ-

ઉક્ત વંચાણે લીધેલા આમુખ ક્રમાંક (૩) માં દર્શાવેલા ઠરાવથી ગટરમાં કામ કરતા તમામ સફાઇ કામદારોના આકસ્મિક મૃત્યુ, ગુંગળામણ/ ડુબી જવાના સંજોગોમાં મૃત્યુ થાય તો તેમના કુટુંબીજનો/આશ્રિતોને રૂ. ૨.૦૦ લાખ ની સહાય તાત્કાલિક ચુકવવાની યોજના સબંધિત ઠરાવમાં દર્શાવેલ શરત નં (૧) થી (૭) અન્વયે અમલમાં છે.

ઉક્ત આમુખ ક્રમાંક નં (૩) મા દર્શાવેલ ઠરાવની શરત નં (૩) અને (૪) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત આમુખ ક્રમાંક નં (૩) મા દર્શાવેલ ઠરાવની શરત નં (૩) અને (૪)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

શરત નં (૩) મહાનગરપાલિકા/નગર પાલિકા ઉપરાંત ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા કે અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા રોજમદાર/હંગામી ધોરણે સફાઇનું કામ સોંપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં પણ સહાયનો લાભ મળવાપાત્ર થશે.

શરત નં (૪) મહાનગરપાલિકા/નગર પાલિકાના ચીફ ઓફિસરના અથવા ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નરશ્રીનું સર્ટીફીકેટ કે મેડીકલ ઓફિસરના પોસ્ટમોર્ટમ રીપોર્ટ અથવા પોલિસ પંચનામા ના આધારે ગટરમાં ગુંગળામણ/ડુબી જવાથી મૃત્યુ થયેલ જણાય તો મળવા પાત્ર લાભો મળશે.

તા. ૩૦/૦૭/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: એસસીડબ્લ્યુ-૧૦૨૦૧૩-ન.બા.૪૬-ગ ની અન્ય શરતો અને જોવાઇઓ યથાવત રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૧૦/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજકક્ષાના મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગ્રામ વિકાસ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ
- સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ (નિયામકશ્રી નગરપાલિકા મારફત)
- વિભાગની સર્વે શાખાઓ
- સેકશન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ શાખા) વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.